## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના અમને ખાસ ફર્ક નહી પડે... વાઇફે કહ્યુ કે જે આઠ રૂપિયા ઓછા થયા છે તેની તમારે કોથમીર લઇને આવવાનુ...

# સરગાસણ વિસ્તારમાં વિજળી ડુલ થતા નાગરીકો ત્રાહીમામ

## વીજ ધાંધિયાને પગલે નાગરીકોના હોમ એપ્લાન્સિઝને નુકશાનની ભિતી



ગાંધીનગર, તા.૨૩

ઉનાળાની આગ ઓકતી ગરમીમાં પાટનગરવાસીઓ શેકાઈ રહ્યા છે. શહેર બપોર પડતા સુમસામ બની જાય છે. ગાંધીનગરાઓ ગરમીથી બચવા માટે અવનવા નુસખા અપનાવી રહ્યા છે. નગરજનો ઘરમાં એસી, કુલર અને પંખા કરીને પુરાઈ ઠંડક મેળવી રહ્યા છે. ત્યારે ન્યું ગાંધીનગર સરગાસણ ટીપી-૯ માં છેલ્લા કેટલાક દિવસથી વિજળી ડુલ થઈ રહી છે. ત્યારે ગરમીને પગલે નાના બાળકો, દર્દીઓ અને વડીલોની હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે આજે અગીયાર વાગ્યાના અરસામાં ન્યું સરગાસણ વિસ્તારમાં ટ્રાન્સફોર્મર પણ સળગી ઉઠ્યું હતું. ત્યારે લાખો રૂપીયાના ઘરમાં પણ વિજળી વેરણ થતા નાગરીકો પસીને ન્હાઈ રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં કાળઝાળ ગરમીનો અનુભવ નાગરીકો કરી રહ્યા હતા. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણમાં પલ્ટો આવતા હવામાં ભેજનુ પ્રમાણ વધતા બફારાને પગલે નાગરીકો પસીને રેબઝેબ થઈ રહ્યા છે. ત્યારે ન્યું ગાંધીનગરના રાયસણ, કુડાસણ, રાંદેસણ, સરગાસણ, સહિત વાવોલ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી વિજ સમસ્યાઓ સર્જાઈ રહી છે. દિવસ કે રાત્રી દરમિયાન અચાનક લાઈટ જતા નાગરીકો સફાળા જાગી જાય છે. જયારે લાઈટ કલાકો સુધી ન આવતા વડીલો, બાળકો તેમજ દર્દીઓની હાલત દયનીય બની જાય છે. ત્યારે વીજળી ડુલ થતા જ નગારીકો ઘરની બહાર આવી જાય છે. તો બીજી તરફ વારંવાર લાઈટ જવાને પગલે ઘરમાં રહેલા ટીવી, ફ્રીજ, એસી, સહિતના ઉપકરણોને નુકશાન થવાની ભિતી સેવાઈ રહી છે. ટીપી ૯ વિસ્તારની સોસાયટી, ફલેટ અને બંગ્લોઝમાં લો વોલ્ટેજને કારણે લાઈટ જવાની સમસ્યા સર્જાતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ લાખો રૂપીયાના ઘરમાં રહેતા નાગરીકો માટે વિજ સમસ્યા હવે સામાન્ય બની જવા પામી છે. જયારે સરગાસણ ટીપી-૯ વિસ્તારમાં સવારના સમયે ટ્રાન્સફોર્મર સગળ્યું હોવાથી લાઈટ જતી રહી હતી. ત્યારે વિજ કર્મચારીઓની ભારે જહેમતબાદ વિજપુરવઠો પુનઃ કાર્યરત થયો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગરમાં આજે સોમવારનો દિવસ હોવા છતાં સચિવાલયમાં મુલાકાતીઓની સંખ્યા ઓછી જણાઈ હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૩૨ ગ્રામસેવકોને ફિક્સ પગારના પાંચ વર્ષ પૂર્ણ થતાં નિયમિત નિમણુંકના હુકમો એનાયત કરાયા હતા.
- ગાંધીનગર જિલ્લામાં શાળાઓના મહેકમ પ્રમાણે વધ-ઘટનો કેમ્પ સંપન્ન થયો છે હવે આજે આંતરિક તાલુકા બદલીનો કેમ્પ યોજાશે.
- ગાંધીનગર શહેરમાં આજે વાતાવરણ પલ્ટાયેલુ જોવા મળ્યુ હતુ ક્યારેક વાદળછાયુ તો ક્યારેક તીવ્ર તડકો.
- જિલ્લાના કલોલ ખાતે ૨૫મીએ અને ૨૭મીએ માણસા ખાતે ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરાયુ છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રોજના ૩૦૦થી વધુ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.
- સાંસદ આદર્શ ગ્રામ યોજનાની ૨૫મીએ સમીક્ષા બેઠક યોજવામાં આવનાર છે.
- ગાંધીનગરના પૂર્વ ડે. મેયર નાઝાભાઈ ધાંધરે તેમના જન્મ દિવસની અનોખી ઉજવણી કરી છે. તેમણે સે. ૨૬ના ઉમિયા પર્યાવરણ ગૃપને વૃક્ષારોપણ અને તેની માવજત માટે રૂ. ૨૧ હજારનું દાન આપ્યુ છે.
- દહેગામના બહિયલ કનીપુર રોડ ઉપર આઈસર ટ્રકના ચાલકે સામેથી આવતા બાઈકને ટક્કર મારતા બે શ્રમિકોના મોત થયા છે.
- જિલ્લાની પોષ્ટ ઓફિસોમાં રેવન્યુ ટિકિટની અછત ઉભી થઈ છે.
- એક પખવાડિયા બાદ આજે મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે શાખાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી હતી.
- સે-૫માં આજે સાંજના સુમારે ૨૦ મિનિટ માટે વીજળી વેરણ થતાં વસાહતીઓ પરેશાન થઈ ગયા હતા.

## આંગણજ ખાતે નવરચના રાવળ યોગી સમાજ વિકાસ મંડળ દ્વારા પ્રથમ સમુહલગ્ન યોજાયા




ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદ સ્થિત આંગણજ ખાતે વૈશાખ વદ ૭ના રોજ રવિવારે નવરચના રાવળ યોગી સમાજ વિકાસ મંડળ દ્વારા સમાજનો પ્રથમ સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું. આ લગ્નોત્સવમાં સમાજના ૧૫ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતાં. આ પ્રસંગે વિવિધ માંગલિક પ્રસંગો યોજાયા હતા. આ લગ્નવિધિ આચાર્ય સંજયભાઈ બી. રાવલ આંગણજ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે લગ્નવિધિ યોજાઈ હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે બાબુભાઈ જમનાદાસ પટેલ, ધારાસભ્ય દસક્રોઈ તાલુકા ઉપસ્થિત રહી નવદંપતિઓને આશીર્વચનો પાઠવ્યા હતા. આ પ્રસંગે આમંત્રિત મહેમાનો, ભોજનના દાતાઓ, મંડળના દાતાઓ, વિવિધ દાનના દાતાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના વિવિધ હોદ્દેદારો, વિવિધ સમિતિના હોદ્દેદારો, ચેરમેન, ડે. ચેરમેનો, કન્વીનરોએ લગ્નોત્સવ ઉત્સાહભેર ઉજવવામાં સારો સાથ સહકાર સાંપડતા સંપન્ન પુરો થતાં આનંદની લાગણી પ્રસરી હતી.



ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે કારોબારીની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં અલગ અલગ વિષયો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાને રાખીને વિસ્તારક યોજના અમલી બનાવાઈ હતી.

## એમસીઆઈના ઈન્સ્પેકશનને પગલે સિવિલ તંત્ર સજ્જ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર મેડીકલ કોલજ ખાતે એમસીઆઈનું ઈન્સ્પેકશન ગમે તે ઘડી આવે તેવી શકયતા છે. ત્યારે કોલેજ તંત્ર તો સજજ થઈ ગયું છે, પરંતુ સિવિલ તંત્રને પણ સજજ કરી દેવાયું છે. છેલ્લા કેટલાક સમયથી બંધ પડેલા વોર્ડ પણ કાર્યરત કરી દેવાયો છે. જયારે સિવિલમાં બાકી રહેતી તૈયારીઓ પણ ઝડપથી પુર્ણ કરી દેવા મૌખિક સુચનાઓ આપી દેવામાં આવી છે. ત્યારે એમસીઆઈના ભણકારાને પગલે સિવિલમાં હલચલ વધી જવા પામી છે. ત્યારે એમસીઆઈના ઈન્સ્પેકશન આવવાની શકયતાઓ વધી ગઈ છે. જેથી ૬૦૦ બેડની હોસ્પિટલમાં તાત્કાલીક અસરથી પાંચમા માળે આવેલા ૫૦૧, ૫૦૨ તેમજ ૬૦૪, ૭૦૪ વોર્ડ પણ ખોલી દેવાયા છે. આ વોર્ડ છેલ્લા કેટલાક સમયથી બંધ હાલતમાં હતા. પરંતુ સાફ સફાઈ થઈને સ્ટાફ સહિત વોર્ડ શરુ કરી દેવાયા છે. તો બીજીતરફ ઓપીડી બિલ્ડીંગ, તાત્કાલીક વિભાગ, લેબ, સહિતના વિભાગને સાવચેત કરી દેવાયા છે. ત્યારે જરુરી કાગળો પણ તૈયાર રાખવા માટે સુચના આપી દેવાઈ છે. ત્યારે હાલના સમયે સિવિલમાં સફાઈ પર પણ ખાસ ભાર મુકવામાં આવી રહ્યો છે. એમસીઆઈના ઈન્સ્પેકશનને પગલે મેડીકલ કોલેજમાં તો હલચલ વધી જવા પામી છે. પરંતુ સિવિલના સત્તાધિશો પણ એમસીઆઈની શકયતાને પગલે દોડધામ શરુ કરી દીધી છે.

## દહેગામ-કનીપુર માર્ગ પર આઈસર ટ્રકની ટક્કરે બાઈક પર સવાર બે ના મૃત્યું

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ-બહીયલ માર્ગ પર આઈસર ટ્રકના ચાલકે પોતાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સામેથી આવી રહેલી બાઈકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર બે યુવકો માર્ગ પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં એક યુવકનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું તો બીજા યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે લઈ ગયા હતા.જયા સારવાર દરમિયાન બીજા યુવકનું પણ પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. બનાવને પગલે દહેગામ પોલીસ મથકે આઈસર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામના બહીયલ ગામમાં રહેતા બળદેવભાઈ દંતાણી ગઈકાલે બપોરના સુમારે ઘરે હાજર હતા. તે સમયે તેમના કૌટુબીક ભાઈ સુનિલ દંતાણીએ જણાવ્યું કે તેઓ બહીયલ ગામની સીમમાં કનીપુર માર્ગ પર આવેલા મરઘા ફાર્મમાં મજુરી કરે છે. જયા માર્ગ પર બળદેવભાઈના કાકાનો દિકરો મહેશ ચેલાભાઈ દંતાણી અને યોગેશ જીવણભાઈ દંતાણી કનીપુરથી બહીયલ બાઈક નં જી.જે.૦૧.જે.કે.-૫૩૮૪ ઉપર આવી રહ્યા હતા. ત્યારે એક આઈસર ચાલકે પોતાની ટ્રક પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારીને સામેથી બાઈકને ટક્કર મારી હતી. જેને પગલે મહેશ અને યોગેશ ઉછળીને માર્ગ પર પટકાયા હતા.જેને પગલે ગંભીર ઈજાઓ થવાથી મહેશનું સ્થળ ઉપર જ મૃત્યુ થયું હતું. જયારે યોગેશને ઈજાગ્રસ્ત હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તેના પિતા જીવણભાઈ લઈ ગયા હતા. જો કે સિવિલ હોસ્પિટલમાં યોગેશનું પણ સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. આ અંગે બળદેવભાઈએ ફરીયાદ નોંધાવતા દહેગામ પોલીસ મથકે ગુનો નોંધી કાનુની કાર્યવાહી હાથ ધરી છે.

## રાંધેજાથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર રાંધેજા ગામના માંડવી ચોક ખાતે વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ પેથાપુર પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે રાંધેજા ખાતે પહોંચતા પોલીસને બાતમી મળી હતી. જેને પગલે પોલીસે તાત્કાલીક સ્થળ પર જઈ રેઈડ પાડીને વરલી મટકાનો જુગાર રમાડતા વાસુભાઈ પ્રહલાદભાઈ પટેલ (ઉં.૫૨, રહે. મૈત્રી એવન્યુ સોસાયટી રાધેજા) ને કાગળમાં કંઈક લખતો ઝડપાયો હતો.પોલીસે તેની પાસેથી ચાર ચીઠ્ઠી મળી આવી હતી.જયારે જુગારના વલણ અંગે પોલીસે પુછતા આરોપીએ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેને પગલે પેથાપુર પોલીસે રૂ.૧૫૦૦ રોકડા જપ્ત કરી વાસુભાઈ પટેલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



મહેસાણા ખાતે ભારતીબાપુની વ્યાસ પીઠે ભવ્ય "રામકથા" નુ નવ-દિવસ આયોજન કરવામા આવ્યુ છે, જે ૨૨ થી ૩૦ મી તારીખ સુધી ચાયના ગાર્ડન પાર્ટી પ્લોટ ,નાગલપુર હાઈવે,મહેસાણા ખાતે યજમાન મયુરકુમાર મનુભાઈ પટેલ અને મનોજભાઈ હરગોવનભાઈ પ્રજાપતિ પરિવાર દ્વારા આ ભવ્ય કથાનુ આયોજન કરવામાં આવ્યું છે'



ઘ-૩ સર્કલથી ચ-૩ સર્કલ જવાના માર્ગ ઉપર હાલમાં પાણીની મસમોટી પાઈપલાઈન નાંખવાનું કામ ચાલી રહ્યુ છે. આ કામગીરી ખૂબ જ ઝડપભેર થઈ રહી છે. જો કે પાણીની પાઈપલાઈન નાંખવાની કામગીરીમાં લીલા વૃક્ષોનો ભોગ લેવામાં આવતા પર્યાવરણપ્રેમી વસાહતીઓમાં કચવાટ જોવા મળી રહ્યો છે. પર્યાવરણના ભોગે વિકાસના કાર્યો કરવામાં આવે તે ક્યાંનો ન્યાય છે. પ્રકૃતિ સાથે ચેંડા કરવાનુ આપણે ક્યારે બંધ કરીશુ ?

## ગુજરાત અર્ધ લશ્કર સંગઠન પધાધિકારી મહા સ્નેહ સંમેલન યોજાયું








ગાંધીનગર, તા.૨૩

ગુજરાત અર્ધ લશ્કર સંગઠનના પદાધિકારીઓનું મહા સ્નેહ સંમેલન રવિવારે યોજાયું હતું. ગુજરાત અર્ધ લશ્કર સંગઠનના નિવૃત્ત જવાનો અને શહીદ પરિવારના ભવ્ય મહા સ્નેહ સંમેલનના કાર્યક્રમનું આયોજન ગુજરાત અર્ધ લશ્કર સંગઠના સમગ્ર પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન દવેન્દ્ર બક્ષી (મહામંત્રી ઓલ ઈન્ડિયા અર્ધ લશ્કર સંગઠન) અતિથિ વિશેષ કપિલ સ્વામી (મેનેજીંગ ટ્રસ્ટી સ્વામિનારાયણ ગુરુકુળ સેલવાસ), મહંત અરવિંદ ગિરિ (મધ્ય ગુજરાત હિન્દુ યુવા વાહિની), રામસ્વામી(ઓલ ઈન્ડિયા ઉપાધ્યક્ષ સેલ્યુટ તિરંગા)ની ઉપસ્થિતિમાં રામકથા મેદાન, સે-૧૧ ખાતે સ્નેહ સંમેલન યોજાયું હતું.

## મહુન્દ્રા પાટીયા પાસે વી.એચ.પી.ના સંયુક્ત મંત્રીનું ઉષ્માભર્યુ સ્વાગત કરાયું




ચિલોડા, તા. ૨૩

ચિલોડા પ્રખંડમાંથી કેન્દ્રીય સંયુક્ત મંત્રી સુરેન્દ્રજી જૈન, ગુજરકાત ક્ષેત્રીય મંત્રી અશ્વિનભાઈ પટેલ તથા પ્રાંત વિશેષ સપર્ક પ્રમુખ લક્ષ્મણદેવ ચુડાસમા હિંમતનગર મુકામે દુર્ગાવાહિની વર્ગમાં જઈ રહ્યા હતા. ત્યારે ધણપ પાટીયા પાસે ધ રોયલ હોટલમાં ચિલોડા પ્રખંડ સંયોજક અર્પિતસિંહ સોલંકી (મહુન્દ્રા) તથા મહુન્દ્રા ગામના સરપંચ નરેન્દ્રસિંહ સોલંકી દ્વારા ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું આ તબક્કે ગાંધીનગર વિશ્વ હિન્દુ પરિષદ જિલ્લા અધ્યક્ષ મહેન્દ્રભાઈ મોડિયા, જિલ્લા બજરંગ દળ સંયોજક શક્તિસિંહ ઝાલા, જિલ્લા સહમંત્રી ઘનશ્યામભાઈ પટેલ, ગાંધીનગર નગર અધ્યક્ષ નરેન્દ્રસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતા.

## કલરવ ગુજરાતી સાહિત્ય ગૃપના પ્રથમ કવિ સંમેલનમાં ગાંધીનગરના કવિઓ છવાયાં

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર રાજકીય પાટનગર હોવા સાથે સાહિત્ય ક્ષેત્રે પણ પ્રતિભાશાળી સર્જકોનો ખજાનો ધરાવતું શહેર છે. ગઈકાલે રવિવારની રજાના દિવસે શહેરના કેટલાંક સર્જકોએ નિરમા યુનિવર્સિટીના સેમિનાર હોલમાં યોજાયેલા કાર્યક્રમમાં પોતાની કૃતિઓ પ્રસ્તુત કરી રંગ જમાવ્યો હતો. કાર્યક્રમમાં ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે ઉપસ્થિત રહીને માણ્યો હતો.




કલરવ ગુજરાતી સાહિત્ય ગૃપના પ્રથમ કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરના અગ્રણી ઉદ્યોગપતિ અંબુસિંહજી ગોલની ઉપસ્થિતિમાં રાજયભરનાં અંદાજીત ૩૦ જેટલાં નવોદિત કવિઓએ તેમની રચનાઓની પ્રસ્તુતિ કરી હતી. આ કવિઓમાં પ્રણવ ઝાંખર કિસના, નિરંજન શાહ નીર, પાયલ શાહ, શીલા પટેલ, તોફાની તાંડવના જિગરભાઈ ઠક્કર તથા ગાંધીનગર સાહિત્ય સભાના પ્રતાપસિંહ ડાભી હાકલ દ્વારા તરન્નુમમાં રજુ કરવામાં આવેલ રચનાથી વાતાવરણ ભાવ વિભોર બની જવા પામ્યું હતું. જોકે આ સાથે જાણીતા ગઝલકાર કિશોર જિકાદરા દ્વારા હળવી શબ્દ શૈલીમાં રજૂ થયેલ ઉતાવળ કાં કરો, ગીતા પર હાથ મુકી અને ડાહ્યાં થવાય જેવી ગઝલોથી આખો હોલ મંત્રમુગ્ધ થઈ જવા પામ્યો હતો. આ પ્રસંગે ગત તા.૨૨ ફેબ્રુઆરીના રોજ એક સાથે ૫૭ પુસ્તકોના વિમોચનની નોંધ એશિયા બુક્સ ઓફ રેકોર્ડ દ્વારા લેવાઈ હતી જેમાં ગાંધીનગરના સાહિત્યકાર નિરંજન શાહનીરને આપવામા આવેલ પ્રમાણપત્રને કિશોર જિકાદરાના હસ્તે અર્પણ કરવામાં આવ્યું હતું.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**ઈ-ટેન્ડર નોટીસ નં.-૦૯ સને ૨૦૨૨-૨૩**

**આઈ.ડી.નં. ૫૨૬૨૭૬**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી SSW G-2 યોજનામાંથી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી મુ. વલાડ, તા. દહેગામ, જી. ગાંધીનગરને ખાનગી જોડાણ અંતર્ગત પાઈપલાઈન નાખવાના કામગીરી ડિપોઝીટ વર્ક અંતર્ગત કરવાની થતી કામગીરીના રૂ. ૯૪.૭૦ લાખ માટે I.D. No.-526276 માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. ઠેકેદારે બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તિર્ણ થવાનું રહેશે. કામની વિગતો માટે વેબસાઈટ http://gwssb.nprocure.com તથા www.gwssb.org ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ ૪/૬/૨૦૨૨ વેબસાઈટ પર મુકવામાં આવેલ છે અને આ ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મુકવામાં આવશે. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યુ.એસ.એસ. બોર્ડનો રહેશે. ટેન્ડર ફી અને બાનાની રકમના મુળ દસ્તાવેજોના કવરો ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તા. ૬/૬/૨૦૨૨ના રોજ ૫ વાગ્યા સુધીમાં R.PAD / Speed Post / Hand Deliveryથી ઉપરના સરનામે પહોંચતા કરવાના રહેશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગટર વ્ય. બોર્ડના હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬ પર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

સંપર્ક મોબાઈલ નં. ૯૮૭૯૨૦૯૬૯૮ માહિતી/૪૧૧/૨૨-૨૩